# નીમાબેન આચાર્યની પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે વરણી

## ગુજરાત વિધાનસભાનું બે દિવસનું ચોમાસું સત્ર શરૂ : સ્પીચમાં નીતિન પટેલ ગૃહમાં મોડા આવ્યા, ધારાસભ્યોની બેઠકમાં પણ નીતિન પટેલે મોડી હાજરી આપી હતી

ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર આજથી એટલે ૨૭મી સપ્ટેમ્બરના રોજ શરૂ થયું છે. આ સત્ર બે દિવસનું રહેશે. આ સત્રમાં વિધાનસભા ગૃહમાં નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પાટલી થપથપાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ ગુજરાતના રાજકીય ઈતિહાસમાં પહેલીવાર અધ્યક્ષ તરીકે મહિલા નિમાબેન આચાર્યની વરણી કરવામાં આવી છે. તો બીજી બાજુ વિરોધ પક્ષે ગૃહ શરૂ થતા પહેલા જ પોતાનો વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધો હતો. વિધાનસભા અધ્યક્ષ તરીકે પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે નિમાબેન આચાર્યની વરણી થઈ છે. જોગવાઈ પ્રમાણે, ગૃહ શરૂ થયુ ત્યારે સૌ પહેલા જ અધ્યક્ષ તરીકે નિમાબેન આચાર્યના નામનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. પછી સર્વાનુમતે તેમની વરણી કરવામાં આવી છે. આ પછી ગૃહની કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો છે. સીએમ અને વિપક્ષના નેતા નીમાબેનને સ્પીકર ચેર સુધી સન્માનપુર્વક દોરી ગયા હતા. ગુજરાતના સંસદીય ઈતિહાસમાં આજનો દિવસ મહત્વનો છે. ૧૯૬૦થી આજે પહેલી વખત મહિલા વિધાનસભા અધ્યક્ષ બન્યા. સ્પીચ દરમિયાન નીતિન પટેલ ગૃહમાં મોડા આવ્યા હતા. ગઈકાલે ધારાસભ્યોની બેઠકમાં પણ નીતિન પટેલે મોડી હાજરી આપી હતી. નીતિન પટેલના આગમન સમયે કોંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ દૂધાતે જોરથી બૂમ પાડીને આવકાર્યા હતા. નીતિન પટેલે વિધાનસભાના નવા સ્પીકર નીમાબેન આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા. જે બાદ નીતિન પટેલે કહ્યું હતુ કે, અત્યાર સુધી વરસાદ ખેંચાયો હતો પણ નીમાબેનના આવવા સાથે વરસાદ પણ પડ્યો. ભૂપેન્દ્રભાઈની નવી સરકાર સાથે નવા અધ્યક્ષ સાથે



ફુલ ગુલાબી વાતાવરણ સર્જાયુ છે. વર્ષો પછી હવે ગુજરાતમાં વિધાનસભા અધ્યક્ષની કેબિનમા હવે મહિલાનો ફોટો પણ જોવા મળશે. ગૃહ શરૂ થતા પહેલા કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદીન શેખ અને ઈમરાન ખેડાવાલાએ અનોખો વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. તેઓ વિધાનસભામાં પોસ્ટર પહેરીને આવ્યા હતા. તેમમે કોવિડ મૃતક પરિવારનો ૪ લાખ સહાય આપવાની માંગ સાથે કોરોના વોરિયરને નોકરી આપવાની પણ માંગ કરી હતી. ગ્યાસુદ્દીન શેખે પોતાની વાત રજૂ કરતા જણાવ્યુ હતુ કે, કોરોનામાં મૃત્યું પામેલા પરિવારને સરકાર ચાર લાખનું વળતર ચૂકવે. કોરોના વોરિયારને નોકરી પણ આપે. વોરિયરને ૨૫ લાખ ચૂકવવાના વાયદાથી પણ સરકાર ચુકી. અમે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પણ જઈશું. આ સાથે ઈમરાન ખેડાવાલાએ જણાવ્યુ કે, ભાજપ સરકાર કોરોનાના આંકડા છુપાવવાનો પ્રયત્નો કરે છે. કોંગ્રેસને મૃતકોના ૪૧ હજારથી વધુ ફોર્મ મળ્યા છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેનારને ૫૦ ટકા સહાય સરકાર ચૂકવે. કોરોનાના કારણે લોકોની આર્થિક સ્થિતિ વિકટ બની છે તેથી પ્રાઈવેટ શાળામાં ફી ૨૫ ટકા ઘટાડવામાં આવે.

# ગાંધીનગરના ભાઈ-બહેને શરૂ કરેલા સ્ટાર્ટઅપને ૬ મહીનામાં ૯૦ ગણું ફંડીંગ

## હાલના બજાર ભાવ કરતા ૩૦-૪૦ ગણી નીચી કિંમતે નાના-મોટા વેપારીઓ માટે ઉભુ કર્યુ બિઝનેસ મેનેજમેન્ટ પ્લેટફોર્મ : અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ બાદ ગાંધીનગર આવેલા ભાઈ-બહેને પિતાના પરંપરાગત વ્યવસાયને આપી નવી દિશા

ગાંધીનગર, તા. ૨૭

આત્મનિર્ભર ભારતનું ધ્યેય સાકાર કરવું હોય તો ઉદ્યોગ સાહસિકતા અનિવાર્ય છે અને સાહસ કરવાની તક ઉભી કરવી તે આપણી ગુજરાતની ગળથૂંથીમાં છે, પછી ભલે ને કોરોના જેવો કપરો સમય કેમ ન હોય. મહામારીએ ઉભી કરેલી



અનિશ્ચિતતામાં પીછેહઠ કરવાના બદલે પાટનગરના સગા ભાઈ-બહેને નવા શિખરો સર કરવા કમર કસી અને પોતાનું સ્ટાર્ટ અપ શરૂ કર્યુ. જેમાં તેમણે નાની દુકાનથી માંડીને મોટી ફેક્ટરી સુધીના એકમોને બિઝનેસ મેનેજમેન્ટ માટે મદદરૂપ થતું સરળ પ્લેટફોર્મ તૈયાર કર્યુ. આ સ્ટાર્ટ અપની નોંધ માત્ર ગુજરાતમાં નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાઈ. પરિણામે રૂ. ૧૦ લાખના ફંડ સાથે શરૂ થયેલા સ્ટાર્ટ અપમાં છ મહિનાની અંદર કોર્પોરેટ ક્ષેત્રના અગ્રણીઓએ ૯૦ ગણું વેલ્યુએશન સાથે ઈન્વેસ્ટ કર્યુ છે.

ગાંધીનગરના સે. ૨૫ ખાતે આવેલી ઈલેક્ટ્રોનિક એસ્ટેટમાં સાડા ત્રણ દાયકાથી કાર્યરત પીય ગ્રુપના સંચાલક હરેનભાઈ શાહના દીકરા પાર્થ અને દીકરી એકતાએ અમેરિકાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાંથી કોમ્પ્યુટર એન્જિનિયરિંગની ડિગ્રી મેળવેલી છે. ઉચ્ચ અભ્યાસ બાદ અમેરિકામાં તક શોધવાના બદલે બંને ભાઈ-બહેન પોતાના દેશ પાછા આવ્યા અને પિતા સાથે બિઝનેસમાં જોડાયા. પિતાની પ્રેરણાથી આ ભાઈ-બહેને પોતાના પરંપરાગત વ્યવસાયને જાળવવાની સાથે બિઝઈવર્સ સોફ્ટવેર લોંચ કર્યુ.

બિઝીવર્સના સ્થાપક પાર્થ શાહે જણાવ્યું હતું કે રોજગારી ક્ષેત્રે સૌથી વધુ પ્રદાન અસંગઠિત દુકાનો અને સ્જીસ્ઈ ક્ષેત્રનું રહ્યું છે જો કે જૂની ટેકનોલોજીના કારણે આવા એકમો પાસેની તક મર્યાદિત બને છે. આ સ્થિતિ બદલવી હોય તો સ્જીસ્ઈ ના મેન્જમેન્ટને વધારે અસરકારક કરવાનુ અને કસ્ટમર સાથેના સંબંધ સુદૃઢ બનાવવાનું જરૂરી છે. જેથી અમે તૈયાર કરેલુ બિઝીવર્સ સોફ્ટવેર સ્જીસ્ઈ માટે પ્લેટફોર્મનું કામ કરે છે. અહીંયા નાના-મોટા ઉદ્યોગને લગતી લીડ્સ, ઓર્ડર્સ, જીએસટી બિલિંગ, એકાઉન્ટ, ઈન્વેન્ટરી, મેન્યુફેક્ચરિંગ જેવી વિગતોની સાથે કસ્ટમર ફિડબેકનો સમાવેશ કરાયો છે. કદાચ કોઈ ગ્રાહકનું બિલ પેન્ડિંગ છે, તો તેનુ રીમાઈન્ડર પણ આ સોફ્ટવેર જ મોકલી આપે છે. સામાન્ય રીતે ભારતમાં મળતા ઈઆરપી સોફ્ટવેર વર્ષે રૂ. ૫૦ હજારથી લાખોના હોય છે, પરંતુ નાના વેપારીઓને આ રકમ વધારે લાગતી હોવાથી તેનો લાભ લઈ શકતા નથી. મહત્તમ વેપાર ઉદ્યોગો સુધી પહોંચવા માટે ઈઆરપીની કિંમત માત્ર વર્ષે રૂ. ૧૮૦૦ રાખવામાં આવી છે, જે બજાર ભાવ કરતાં ૩૦-૪૦ ગણી ઓછી છે. હાલ તો આ પ્લેટફોર્મનો ઉપયોગ ૧૦૦૦થી વધુ ઉદ્યોગ કરે છે.

પ્લેટફોર્મની ખાસિયત પાર્થ-એકતાએ કહ્યું કે આ પ્લેટફોર્મને માત્ર ઈઆરપી સોલ્યુશન રાખવાના બદલે બીટૂબી તરીકે ડેવલપ કરાયુ છે. જેથી તેનો ઉપયોગ કરનારા વેપારીઓ એકબીજાનો સંપર્ક કરીને વધારે સારા ભાવ-સેવા મેળવી શકે. આ ઉપરાંત એકવાર ઓર્ડર મુકાઈ ગયા પછી, તેના દરેક સ્ટેજ પર સતત અપડેટ મળતી રહે તેવી સુવિધા પણ અપાઈ છે. નાના-મોટા વેપારીઓને એકબીજા સાથે સાંકળીને દરેકને નવી તક મળે તેવા હેતુથી નેશનલ લેવલના વર્ચ્યુઅલ એક્સપોનું પણ આયોજન કરવામાં આવશે.

# ગુજરાત એટીએસ દ્વારા ૭૨ કલાકના જાનના જોખમે ઓપરેશન હાથ ધરી ૭ કિલોથી વધુ હેરોઈન જપ્ત કર્યું

## ગુજરાત પોલીસને અભિનંદન આપવાના બદલે કોંગ્રેસે પોલીસનુ મોરલ તોડવાનો પ્રયાસ કર્યો એ નિંદનીય

ગાંધીનગર, તા. ૨૭

ગૃહરાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું છે કે ગુજરાત પોલીસ પ્રજાની સુરક્ષા માટે ખડેપગે તૈનાત રહી જાનના જોખમે સંનિષ્ઠ પ્રયાસો કરી રહી છે ત્યારે પોલીસને અભિનંદન આપવાના બદલે તેમનું મોરલ તોડવાનો કોંગ્રેસે જે પ્રયાસ કર્યો છે તે નિંદનીય છે.

આજે વિધાનસભા ખાતે રાજ્યમાં દારૂની નવી પરમિટ/રીન્યુ કરવા અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યું કે ગુજરાત એટીએસ દ્વારા તાજેતરમાં ૭૨ કલાકના જાનના જોખમે ઓપરેશન હાથ ધરીને સાત કિલોથી વધુ હેરોઈન જપ્ત કરીને સાતથી વધુ ઈરાનિયન વ્યક્તિઓને પકડી પાડીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. આ માટે એટીએસ સૌ પોલીસ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવું છું. પોલીસની સારી કામગીરી હોય ત્યારે તેમને બિરદાવીને પ્રોત્સાહિત કરવા એ આપણા સૌની ફરજ છે તેમ તેમણે ઉમેર્યું હતું. દારૂની નવી પરમિટ/રીન્યુ કરવા માટે અરજી ફી ના બદલે પ્રોસેસ ફી રૂ. ૨,૦૦૦ અને મેડિકલ એક્ઝામિનેશન ફી રૂ. ૨,૦૦૦ નિયત કરવામાં આવી છે.

# ગાંધીનગરના ધૃમીન પટેલની વિનુ માંકડ ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટ માટે ગુજરાતની ટીમમાં પસંદગી

ગાંધીનગર, તા. ૨૭



ગાંધીનગરના યુવા ક્રિકેટ ખેલાડીઓ તેમની પ્રતિભા ઝળકાવી શહેરનું નામ રોશન કરી રહ્યાં છે. ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમી સાથે સંકળાયેલા યુવા ખેલાડી ધૃમીન રાજેશભાઈ પટેલનો અન્ડર-૧૯ કેટેગરીમાં વિનુ માંકડ ટ્રોફી ૨૦૨૧-૨૨ ક્રિકેટ વન-ડે ટૂર્નામેન્ટ માટે ગુજરાતની ટીમમાં પસંદગી થવા બદલ એકેડેમી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે વીનું માંકડ ટ્રોફીની ટૂર્નામેન્ટ નવી દિલ્હી ખાતે યોજાવાની છે અને આ ટૂર્નામેન્ટ માટે ગુજરાતની વન ડે ક્રિકેટ ટીમમાં સમાવેશ પામીને ધૃમીન પટેલે ગાંધીનગરનું નામ રાજયકક્ષાએ રોશન કર્યુ છે. ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમી દ્વારા ધૃમીન પટેલને ટૂર્નામેન્ટમાં યશસ્વી પ્રદર્શન કરવા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# સે. ૨૨માં જૈન સમાજના ૧૩૭ તપસ્વીઓનું રવિવારે બહુમાન કરાયું

ગાંધીનગરમાં રવિવારે જૈન સોશ્યલ ગૃપ દ્વારા સે. ૨૨ના જૈન મંદિરે રાષ્ટ્રસંત પૂ. પદ્મસાગર સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં જૈન સમાજના ત્રણેય ફિરકાના તપસ્વીઓના બહુમાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જૈન સમાજના ૧૩૭ તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્વેતાંબર જૈન સંઘના સાધ્વી પૂ. મુક્તિ રત્નાશ્રીજી માતાજી, સ્થાનકવાસી જૈન સંઘના પૂ. વંદિતાજી મહાસતીજી અને દિગંબર જૈન સંઘના પૂ. આપિકાશ્રી ૧૦૫ ઋષિશ્રી માતાજી ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં જૈન




સોશ્યલ ગૃપના ગુજરાત રીજીયન કો.ઓર્ડિનેટર હિતેશભાઈ કોઠારીએ હાજરી આપી હતી. પૂ. પદ્મસાગર સુરીશ્વરજી મ.સા.એ તપસ્વીઓને આશિર્વચન આપી જૈન શાશનને જયવંતુ રાખવા તપ દ્વારા કર્મની નિર્ઝર કરવા અને આત્માનું કલ્યાણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. જૈન સોશ્યલ ગૃપના પ્રમુખ કૌશિક શાહ, ઉપપ્રમુખ હિતેન્દ્ર શાહ, સેક્રેટરી જાગૃતિબેન લાખાણી સહિત કારોબારી સભ્યો નિરજ દોશી, પ્રશાંત મહેતા, નિલેષ શાહ, સતીષ મોદી, શિતાંગ વોરા, ખજાનચી નીતિન સંઘવી, સહમંત્રીઓ વીણાબેન વોરા અને રિતેશ શાહ ઉપરાંત અન્ય અગ્રણીઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમનો ધર્મલાભ મનિષાબેન, તુષારભાઈ શાહ પરિવાર, જાગૃતિબેન હરીશભાઈ લાખાણી દ્વારા ઉપાડવામાં આવ્યો હતો.

# સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની રાજયકક્ષાના હોદ્દેદારોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજય કક્ષા મહેસાણા જિલ્લાના




ઊંઝા શહેરની સામાન્ય સભાનું આયોજન જબરેશ્વર મહાદેવના સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું. જેમાં સ્વ. કમલેશભાઈ અને સ્વર્ગસ્થ સ્વજનોની આત્માની શાંતિ માટે સામૂહિક પ્રાર્થના કરી હતી. સભાના અધ્યક્ષ હરીહરભાઈ આચાર્ય અને મહાનુભાવોએ દિપ પ્રાગટય કર્યું હતું.

મહેસાણા જિલ્લાના પ્રમુખ સુનીલભાઈ વ્યાસ અને પિયુષભાઈ વ્યાસે કાર્યક્રમની માહિતી આપી હતી. અંબાજી પી.આઈ. જે.બી. આચાર્યએ તેમના અનુભવો અને સમાજ માટે વિકાસકામની તૈયારી બતાવી હતી. આ સભામાં ત્રણેય પાંખના નવ નિયુકત તમામ હોદ્દેદારોને બ્રાહ્મણ ખેસ પહેરાવી વધાવ્યા હતા.

# ગોદાવરી બાયોરિફાઈનરી લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યુ

ભારતમાં સૌથી મોટી સંકલિત બાયો-રિફાઈનરી તથા દેશમાં ઈથનોલની સૌથી મોટી ઉત્પાદક પૈકીની એક અને ઈથેનોલ-આધારિત રસાયણોનું ઉત્પાદન કરવામાં પથપ્રદર્શક ગોદાવરી બાયોરિફાઈનરીસ લિમિટેડએ બજાર નિયમનકાર સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ એનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆર એચપી) ફાઈલ કર્યુ છે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

ગોદાવરી બાયોરિફાઈનરીસ લિમિટેડ જૈવ-આધારિત રસાયણો, ખાંડ, રેક્ટિફાઈડ ઉત્પાદનો, ઈથેનોલ, આલ્કોહોલ અને પાવરના અન્ય ગ્રેડનો વિવિધતાસભર પ્રોડક્ટ પોર્ટફોલિયો ધરાવે છે, જેનો ઉપયોગ વિવિધ ઉદ્યોગોમાં થાય છે. કંપની દુનિયાભરમાં એમપીઓની સૌથી મોટી ઉત્પાદક છે, દુનિયામાં કુદરતી ૧, ૩ બ્યુટિલીન ગ્લાયકોલની બે ઉત્પાદકો પૈકીની એક છે, ભારતમાં ઈથાઈલ એસિટેટની ચોથી સૌથી મોટી ઉત્પાદક છે અને બાયો ઈથાઈલ એસિટેટનું ઉત્પાદન કરતી ભારતમાં એકમાત્ર કંપની છે.

કંપની વિવિધતાસભર સોમૈયા ગ્રૂપની ફ્લેગશિપ કંપની છે, જે શિક્ષણ, કૃષિ સંશોધન, પુનઃ પ્રાપ્ય ઊર્જા અને હેલ્થકેર ઉદ્યોગોમાં કાર્યરત છે. કંપનીએ રૂ. ૩૭૦ કરોડના ફ્રેશ ઈશ્યૂ અને ૬૫,૫૮, ૨૭૮ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર (“ઓએફએસ”) દ્વારા આઈપીઓ મારફતે ફંડ ઊભું કરવાની યોજના ધરાવે છે. ઓએફએસમાં મંડાલા કેપિટલ એજી લિમિટેડના ૪૯,૨૬,૯૮૩ ઈક્વિટી શેર, સમીર શાંતિલાલ સોમૈયાના ૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર, સોમૈયા એજન્સીસ પ્રાઈવેટ લિમિટેડના ૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર, ફિલ્મીડિયા કમ્યુનિકેશન્સ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડના ૩,૦૦,૦૦૦ ઈક્વિટી શેર, સોમૈયા પ્રોપર્ટીઝ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના ૧,૩૧,૨૯૫ ઈક્વિટી શેર અને લક્ષ્મીવાડી માઈન્સ એન્ડ મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડના ૨૦૦,૦૦૦ ઈક્વિટી શેર ધરાવે છે.

# આગામી લાભપાંચમથી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ કરાશે

## પહેલી ઓક્ટોબરથી ‘આઇ ખેડૂત પોર્ટલ’ ઉપર નોંધણી શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં આગામી લાભપાંચમથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવશે તેમ આજે વિધાનસભાના બે દિવસીય ચોમાસુ સત્રમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું.

રાજ્યભરના ખેડૂતો પાસે ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે નોંધણીનો આગામી તા. ૧ ઓક્ટોબર-૨૦૨૧થી પ્રારંભ કરવામાં આવશે. ખેડૂતોએ આ માટે ‘આઈ ખેડૂત પોર્ટલ’ ઉપર ઓનલાઈન નોંધણી કરવાની રહેશે તેમ વધુ વિગતો આપતાં કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રીએ પૂરક પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૨૭૫ અને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૫,૫૫૦ના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯-૨૦માં ૫,૦૦,૫૪૬ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૦૨,૫૯૧ મે. ટન એમ છેલ્લાં બે વર્ષમાં કુલ ૭,૦૩,૧૩૭ મેટ્રિક ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને તેમના ઉત્પાદનના પુરતા ભાવ આપ્યા છે. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદી બાદ તરત જ તેમની રકમ પણ ચુકવી દેવામાં આવે છે તેમ કૃષિમંત્રીએ વધુ વિગતો આપતા ગૃહમાં જણાવ્યું હતું.

### મધ્યમ વરસાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જળ સપાટી જોવા મળી નથી. જિલ્લામાં વરસાદી માહોલ આ વખતે બહુ જામ્યો નથી.

જિલ્લામાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં ૬૬.૩૨ ટકા વરસાદ નોંધાયો છે. સૌથી ઓછો વરસાદ દહેગામ તાલુકામાં છે.

જિલ્લામાં દહેગામ તાલુકામાં ૪૩૪ મી.મી., ગાંધીનગરમાં ૩૮૮ મી.મી., કલોલમાં ૬૭૧ મી.મી., માણસામાં ૫૫૩ મી.મી. વરસાદ નોંધાયો છે. ટકાવારીમાં દહેગામમાં ૪૩.૮૬ ટકા, ગાંધીનગરમાં ૫૪.૨૭ ટકા, કલોલમાં ૮૫.૮૨ ટકા અને માણસામાં ૬૯.૧૩ ટકા વરસાદ આ સિઝનનો નોંધાયો છે.

### નંબરોની હરાજી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અરજદારોએ તા ૧૮ થી ૨૦ ઓકટોબર દરમિયાન અરજી કરવાની રહેશે. જેમાં તા ૨૧ થી ૨૨ ઓકટોબર દરમિયાન ઈ ઓકશન બિડીંગ કરવાનુ રહેશે. આ ઉપરાંત વાહન પરિવહનની વેબાસાઈટ પરથી યુઝર આઇ ડી પાસવર્ડ તૈયાર કરી વેબસાઈટ પર લોગીન કરીને વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈ સી એન એ ફોર્મ ભરવાનુ રહેશે. જયારે ગોલ્ડન અને સિલ્વર નંબરોને અનુલક્ષી જરૂરી બેઈઝ પ્રાઈસ પણ ચુકવવાની રહેશે.

### શાખાઓ ખોલી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

એક કારણ બતાઓ નોટિસ જારી કરીને પૂછવામાં આવ્યુ હતુ કે તેની પર નિયમોના ઉલ્લંઘન માટે કેમ દંડ લગાવવામાં આવે નહીં.

બેન્કના આની પર જવાબ મળ્યા બાદ રિઝર્વ બેન્ક એ નિષ્કર્ષ પર પહોંચ્યુ કે નિયમોના ઉલ્લંઘનના આરોપ યોગ્ય છે અને બેક્ર પર દંડ લગાવવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે ભારતીય સ્ટેટ બેન્ક નિયમોના ઉલ્લંઘન માટે સમય-સમય પર બેન્કને ચેતાવણી જારી કરી છે અને કોઈ પણ પ્રકારના ઉલ્લંઘનને જાહેર થવા પર દંડ લગાવે છે.

### તાકિદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આધાર પર સમીક્ષા કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. તેને ધ્યાનમાં રાખતાં તમામ મંત્રાલયોને કામ કરવું જોઈએ. કાર્યની રૂપરેખા ૨૯ સપ્ટેમ્બર સુધી તૈયાર હશે અને પેન્ડીગ, જૂની વણજોઈતી ફાઈલોને નિકાલના મુદ્દે ૨ ઓક્ટોબર ગાંધી જયંતિથી શરૂ થઈ જશે. તમને જણાવી દઈએ કે ગાંધી જયંતિને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસના રૂપમાં ઉજવવામાં આવે છે. સામાન્ય રીતે વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ મંત્રાલયની કેંદ્રીકૃત દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ સિસ્ટમ (સીપીગ્રામ્સ) વેબસાઈટ પર કોઈપણ મંત્રાલય સાથે જોડાયેલી ફરિયાદ કરી શકાય છે. ત્યારબાદ ફરિયાદને સંબંધિત મંત્રાલય મોકલવામાં આવે છે. ફરિયાદોના ઉકેલ માટે એક પ્રોટોકોલ છે. પીએમ મોદી ઈચ્છે છે કે આ પ્રક્રિયામાં તેજી લાવવામાં આવે, જેથી લોકોની મુશ્કેલીઓને ઓછી કરી શકાય. કેબિનેટ સચિવના પત્રમાં કહેવામાં આવ્યું છે કે પેન્ડીંગ ફરિયાદોનો ઓક્ટોબર પહેલાં ઉકેલ કરી દેવામાં આવે. પત્રમાં સંસદમાં આપવામાં આવેલા આશ્વાસનો પર પણ જલદીથી જલદી કાર્યવાહીની વાત કહેવામાં આવી છે. દરેક સંસદ સત્રમાં પ્રશ્નકાળ દરમિયાન સાંસદો દ્વારા સંબંધિત કાર્યવાહીનું આશ્વાસનો માટે એક અલગથી ફાઈલ બને છે. આ પ્રકારે ફાલોનો બોજો વધી જાય છે.

### યુનિક આઈડી કાર્ડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સર્વિસ આપનારી સંસ્થાઓ સુધી પહોંચ સરળ બની જાય.

આ મિશનને લોન્ચ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, પાછલા સાત વર્ષમાં દેશની સ્વાસ્થ્ય સુવિધાઓને મજબૂત કરવા માટે જે અભિયાન ચાલી રહ્યું છે તે હવે નવા ચરણમાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. આજે એક એવા મિશનની શરુઆત થઈ રહી છે, જેમાં ભારતની સ્વાસ્થ્ય સુવિધાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની ક્ષમતા છે. આજે દેશમાં ૧૩૦ કરોડ આધાર નંબર, ૧૧૮ કરોડ મોબાઈલ સબ્સક્રાઈબર્સ, લગભગ ૮૦ કરોડ ઈન્ટરનેટ યુઝર અને લગભગ ૪૩ કરોડ જનધન બેક્ર ખાતા છે. આટલું મોટું કનેક્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દુનિયામાં ક્યાંય નથી. આ ડિજિટલ માળખું રેશનિંગથી લઈને પ્રશાસન સુધી પારદર્શિતા સાથે સામાન્ય ભારતીયો સુધી પહોંચી રહ્યું છે.

કોરોનાકાળમાં ટેલિમેડિસિનનો પણ અભૂતપૂર્વ વિસ્તાર થયો છે. ઈ-સંજીવનીના માધ્યમથી અત્યાર સુધી લગભગ સવા કરોડ રિમોટ કન્સલ્ટેશન પૂરા થઈ ચૂક્યા છે. આ સુવિધાની મદદથી દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો પણ ઘરે બેઠા બેઠા શહેરની મોટી હોસ્પિટલોના ડોક્ટર સાથે સંપર્ક સાધી શકે છે. આયુષ્માન ભારતે ગરીબ માણસના જીવનની મોટી ચિંતા દૂર કરી છે. અત્યાર સુધી બે કરોડથી વધારે દેશવાસીઓએ આ યોજના અંતર્ગત વિનામૂલ્યે સારવારની સુવિધાનો લાભ લીધો છે. તેમાંથી અડધા લાભાર્થી આપણી માતાઓ, બહેનો, દીકરીઓ છે.

પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત એક યુનિક ડિજિટલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે, જે એક પ્રકારનું ઓળખ પત્ર હશે. તે આધાર સમાન હશે, જેનો ૧૪ અંકોનો એક નંબર જનરેટ કરવામાં આવશે. આ નંબરની મદદથી દર્દીની અંગત મેડિકલ હિસ્ટ્રી જાણી શકાશે. આ કાર્ડ આધારના માધ્યમથી પણ બનાવી શકાશે અને મોબાઈલ નંબરની મદદથી પણ બનાવી શકાશે. દેશના કોઈ પણ ખૂણામાં તમે સારવાર માટે જશો તો તમારે રિપોર્ટ અથવા પ્રિસ્ક્રિપ્શન વગેરે લઈ જવાની જરુર નહીં પડે. કારણકે તમામ માહિતી હેલ્થ કાર્ડમાં હશે.

### બંધની અસર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દિલ્હી ટ્રાફિક પોલીસે જણાવ્યું કે છત્તા રેલ અને સુભાષ બંને સાઈડથી બંધ છે. કૃષિ કાયદા વિરૂદ્ધ બોલાવવામાં આવેલા ભારત બંધને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યુ છે. તેમણે કહ્યું કે ખેડૂતોના અહિંસક સત્યાગ્રહ આજે પણ અખંડ છે. પરંતુ શોષણકાર સરકારને આ પસંદ નથી. ભારતીય કિસાન યૂનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતએ કહ્યું કે એમ્બુલેંસ, ડોક્ટર અથવા ઈમરજન્સી સ્થિતિમાં પસાર થનાર લોકો જઈ શકે છે. અમે કશું જ સીલ કર્યું નથી, અમે ફક્ત એક સંદેશ મોકલવા માંગીએ છીએ. અમે દુકાનદારોને અપીલ કરીએ છીએ કે તે પોતાની દુકાનો અત્યારે બંધ રાખે અને સંજે ૪ વાગ્યા પછી જ ખોલે, બહારથી અહીં કોઈ ખેડૂત આવી રહ્યા નથી. દિલ્હી ટ્રાફિક પોલીસએ ટ્વીટ કરીને જણાવ્યું કે ’ખેડૂત સંગઠનો તરફથી બોલાવવામાં આવેલા ભારત બંધને ધ્યાનમાં રાખતાં ઉત્તર પ્રદેશથી દિલ્હીના ગાજીપુર તરફથી જનાર ટ્રાફિક મૂવમેંટને રોકી દેવામાં આવી છે. ભારત બંધમાં સામેલ ખેડૂત સંગઠનોએ પંજાબ અને હરિયાણાની શંભૂ બોર્ડર બંધ કરી દીધી છે. એક ખેડૂતે જણાવ્યું કે ભારત બંધના આહવાનને જોતાં અમે સાંજે ચાર વાગ્યા સુધી શંભૂ બોર્ડર (પંજાબ-હરિયાણા બોર્ડર)ને બંધ કરી દીધી છે. ખેડૂતોના ભારત બંધની અસર દિલ્હી મેટ્રોની સર્વિસ પર અસર પડે છે.